# ઉત્તર ગુજરાતની ભવાઈકલા

પાયલબેન ઈશ્વરભાઇ દેસાઇ
ગુજરાતી વિભાગ,
પીએચ.ડી સ્કોલર, હેમ. ઉ. ગુજ. યુનિ. પાટણ

## ૧. પ્રસ્તાવના

ભારત દેશના પ્રત્યેક રાજ્ય પાસે પોતીકુ ગણી શકાય એવુ તળપદુ લોકનૃત્ય,લોકસંગીત અને લોકનાટ્ય જોવા મળે છે. જેમકે, બંગાળમા જાત્રા, ઉતરપ્રદેશમા નવટંકી,મૈસુર-કણાટક અને આંધ્રમા યક્ષગાન, આસામમા અંકિયનાટક, મહારાષ્ટ્રમા તમાશા, તાંજોરમા ભાગવતમેલા,હરિયણા-પંજાબમા સ્વાંગ પ્રખ્યાત છે તેવી જ રીતે ગુજરાતમા પણ તેની આગવી પ્રણાલી ભવાઇ જોવા મળે છે.જેના મુળ આપણને ઉતરગુજરાતમાથી મળી આવે છે.પ્રસ્તુત શોધપેપરના વિષય અંતર્ગત ઉત્તરગુજરાતનીભવાઈ અને તેનુ પ્રદાન વિશેની માહીતી આપવાનો ઉપક્રમ રહેલ છે.

## ૨.ભવાઇ શબ્દની વ્યુત્પતી

ભવાઇ શબ્દ સંસ્કુત 'ભાવ' શબ્દ સાથે સંબંધ ધરાવે છે.તો બીજો અર્થ કે,'ભવાઈ' શબ્દમા 'ભવ' એટ્લે વિશ્વ,જગત; 'આઈ' એટ્લે માતા. અહી તેને જગતની માતા એટલે કે જગદંબા ગણી છે. ભવાઈમા મા અંબાની ભક્તિને કેંદ્રમા રાખી નાટક ભજવવામા આવે છે. આજે પણ અંબાજી ખાતે દર નવરાત્રિએ ભવાઇ દ્વારા મા અમ્બાની પૂજા કરવામા આવે છે.

## ૩. ઈતિહાસ

"ઠાકર શાખે યજુર્વેદી ઔદિચ્ય સિદ્ધપુર-નગર-નિવાસ
બ્રાહ્મણ ભારદ્વાજી ગોત્રના અસાઇતભુમા પ્રખ્યાત
ઉંઝા ગામે પટેલ હેમાળાની પુત્રી ગંગા ગુણવંત,
શિયળ રક્ષવા શાહ-સભામા ભેળા જમીને રાખ્યો રંગ
જમતા એ ઠાકરથી ઉપજી નાયક-તરગાળાની જ્ઞાત,
ત્રણસો-સાઠ ભવાઈવેશો રચી આરાધ્યા અમ્બામાત."

પ્રસ્તુત કવિતામા આપણને ભવાઇ સાથે સંકળાયેલ ઈતિહાસ અને ભવાઇ સાથે જોડાયેલુ જાણિતુ નામ અસાઈત ઠાકર તેનો પરિચય મળે છે.જેમણે ૧૪મી સદીમા ગુજરાતના પ્રદેશોમા પ્રચલિત નાટ્યપ્રકારોમાથી પ્રેરણા મેળવી એક નવા નાટ્યપ્રકાર ભવાઈનુ સર્જન કર્યુ હતુ.અસાઈતનો સમય તેમણે રચેલી પધકથા' હંસાઉલી' વિ.સં૧૪૨૭,સને૧૩૬૦ન વર્ષને આધારે નક્કી થાય છે. તેમણે આશરે ૩૬૦ ભવાઈવેશો લખ્યાની લોકવાયકા છે. તેમા 'રામદેવનોવેશ' જૂનામાં જૂનો છે. આ ઉપરાંત કજોડાનો વેશ, કાંનગોપીનો વેશ, ઝંડાઝુલણનો વેશ, જસમા-ઓડણનોવેશ, મિયા-બિબિ,

મણિયાર, પતઈરાવળ, જુઠણ, છેલબતાઉ, રાજા દેઘણ, બાવાનો વેશ, સધરાજેસંગ વગેરે વેશ જાણીતા છે. ભવાઈનો મુખ્ય ઉપયોગ અન્યાય,સ્ત્રીનો દરજ્જો, સમાજીક અસમાનતા, અંધશ્રધ્ધા અને જાતિવાદ જેવી સમાજિક અને અન્ય બાબતો પ્રત્યે જાગ્રુતિ ફેલવવામા થાય છે. મહિપતરામ નિલકંઠે ઈ.સ.૧૮૬૬માં આપેલ પુસ્તક 'ભવાઈસંગ્રહ'મા જણાવે છે કે,"ભવાઇ શબ્દ સંસ્કુત મુળ ઉપરથી નીકળ્યો છે તથાપિ તે ભાષામાં એવા ખેલને ભવાઇ કહેતા નથી પણ નાટક કહે છે જેમા પુરુષને નટ અને સ્ત્રીને નટી કહે છે. ભારતખંડ્ની બીજી કોઇ બોલીમાં ભવાઇખેલ જણાતો નથી, ફક્ત ગુજરાતીમાં જ છે. ભવ એ શિવનુ નામ છે. કેટલાક ધારે છે એ પરથી 'ભવાઈ' શબ્દ ઉત્પન્ન થયો હશે નેન તેનો અર્થ શિવની રમત કહિએતો ચાલે"..જાણિતા સંશોધક ડો.અમ્રુત પટેલે 'રાજમાતા મહારાણી મીનળદેવી','સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનું માદરેવતન', 'વેદકાળથી મા ઉમિયાનીપૂજા અને કડવાપાટીદારો' વગેરે ઉંડા અભ્યાસયુક્ત પુસ્તકોમાં પટેલ જ્ઞાતિની વાતની સાથે અસાઇતઠાકર વિશે ભવાઈની ઉત્પતિના ઈતિહાસ વિશે આપણને માહિતિ મળે છે.

### ૪. રીતભાત

ભવાઈમા બધા પાત્રો પુરુષો દ્વારા જ ભજવવામા આવે છે. જેમા સ્ત્રી પાત્રો પણ પુરુષો જ ભજવે છે. તેમા પરંપરાગત પોશાકો, ભાતીગળ ભાષાશૈલી અને સ્થાનિક કથાવસ્તુ પર ધ્યાન આપવામા આવે છે. ભવાઈમા મુખ્યત્વે ભુંગળ,તબલાં,ઝાંઝ,ઢોલક, મંજીરા અને સારંગી વગેરે વાજિંત્રો વપરાય છે. ભવાઇ મોટેભાગે ખુલ્લા મેદાનમાં અથવા નાનાચોક જેવી જાહેર જગ્યાએ ભજવવામા આવે છે. ભવાઇનુ પેડુ હોય.એમાં નવનો સમુહ હોય: વેશ શીખવનાર વેશગોર, મૂછબંધ(પુરુષ)નો પાઠ કરનાર-મુખ્ય નાયક-ઉપનાયક-પ્રતિનાયકેમ કુલ ત્રણ,કાંચળિયા(સ્ત્રી)નો પાઠ કરનાર મુખ્યનાયિકા-ઉપનાયિકા-પ્રતિનાયિકા એમ કુલ ત્રણ, એક ડાગલો(ભાથી,મશ્કરો), બે ભુંગળિયા,એક પખવાજી(તબલચી),વેશભજવણી માટેની વસ્તુઓ હાજર રાખનાર એક પડપડિયો(કામગરો).

### ૫. ઉત્તરગુજરાતનું ભવાઈમાં પ્રદાન

ભવાઈનુ પિયર ઉત્તરગુજરાત ગણાય છે, ત્યારે ભવાઇનુ નામ પડતાં પ્રથમ નામ અસાઈત ઠાકર્નુ યાદ આવે, જેઓનુ વતન સિધ્ધપુર હતું. ભવાઈમા તેઓનુ પ્રદાન સૌથી મોટુ અને પ્રથમ ગણાય છે. ત્યારબાદ ભવાઇના વિકાસમાં મહત્વનો ફાળો આપનાર ઉત્તરગુજરાતના વતની અમ્રુત નાયક, પ્રાણસુખનાયક, જયશંકર સુંદરી, બાપુલાલ નાયક વગેરે કલાકારોએ ભવાઇનાવેશ ભજવવામા સીમાચિહ્નો સ્થાપીને ગુજરાતી રંગભૂમીના ઈતિહાસમાં પોતાના નામો સુવર્ણઅક્ષ્રરે અંકાવી દિધા છે. ભવાઇકલા જ્યારે મ્રુત:પાય અવસ્થામાં અંતિમશ્વાસ લઈ રહી હતી ત્યારે પ્રાંતિજ તાલુકાના ઘડી ગામના અદના કલાકાર રતિલાલ નાયક કલા સંસ્કુતિને જીવંત રાખવા ઘણી મથામણ કરેલ. સમગ્ર જિલ્લામાં આજે તેમની ફક્ત એક જ ભવાઇ લોકનાટકરંગ મંડ્ળી કાર્યરત છે. સને ૧૯૮૨થી તેઓ નાયક રંગ્મંચ સંકુલ નામની સરકાર માન્ય કલા સંસ્થા ચલાવી રહ્યા છે. તેઓના હસ્તે લખાયેલ ' ભવાઇઅંશ' લોક્નાટ્ય ટુંક્સારમાં સમ્પુર્ણ્ રામાયણ' જે પુસ્તકને સરકારની નાટ્યકલા સંસ્થા દ્વારા સમર્થન મળતા આ નાટ્ક ચાલિસેક કલાકારો સાથે રંગમંચ ઉપર તેની ઉજવણી કરેલ. બનાસકાંઠાના જગાણા ખાતે યોજાયેલા પ્રદેશ્કક્ષાના કલા મહાકુંભમાં પાટણ તાલુકાના સંખારી ગામના ગુજરાતકલા ભવાઇ મંડળના કલાકારોએ રાજા હરીશચંદ્ર તારામતીની પૌરણિક વાર્તા પર ભવાઇ રજૂ

કરીને સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ. ઉત્તરગુજરાતનું પ્રખ્યાત મહાકાળી ભવાઈ મંડળ મુ. ઢાંકણિયા પણ ભવાઈના વિકાસમાં યોગદાન આપે છે. આ ઉપરાંત પછાત વિસ્તારોમા જયા રસીકરણ ઓછું થાય છે તેવા વિસ્તારોમાં ભવાઈના કાર્યક્રમો દ્વારા જાગ્રુતિ લાવવાનું કામ ભવાઈ મંડ્ળીઓ દ્વારા કરવામાં આવે છે.

**૬. ઉપસંહાર**

ભવાઈનું વાચિક ગેય પદ્યમાં તેમજ ગદ્યમાં પણ હોય છે. ત્યારે ભવાઈએ લોકજીવનના તાણા-વાણા સાથે વણાઈ ગઈ હતી અને પોતની અનોખી છાપ સાથે મુક્તપણે વિહરતી હતી અને જેને શાસ્ત્રકારો એ 'ભાવપ્રધાન નાટ્કો' કહ્યા છે. ૭૦૦ વર્ષ જૂની આ પરંપરા હાલમા જેની પરિસ્થિતિ એવી થઈ છે કે જે વિસરાઈ રહી છે જેને ઉજાગર કરવાની તાતિ જરુરિયાત છે.

**સંદર્ભગ્રંથ**

૧. નાયક, રતિલાલ સાં. ગુજરાતનું લોકનાટ્ય: ભવાઈ
૨. ભોજક, દિનકર ઉત્તરગુજરાતની લોકકથા અને ભવાઈકથા